# સંજયદત્તને પાંચ વર્ષની સજા : ભારે ખળભળાટ

નવી દિલ્હી,તા. ૨૧

વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ મામલામાં બોલિવુડના લોકપ્રિય અભિનેતા સંજયદત્તની સજા આજે છ વર્ષથી ઘટાડીને પાંચ વર્ષ કરી દેવામાં આવી હતી. જો કે સંજયદત્તના પરિવારમાં આ સજાથી આઘાતનુ મોજુ ફરી વળ્યું હતું. આજની સુપ્રીમ કોર્ટની સજાની સાથે જ એક વાત સ્પષ્ટ તઈ ગઈ છે કે સંજયદત્તને જેલમાં જવુ પડશે. સંજયદત્ત પહેલાથી જ ૧૮ મહિનાની જેલની સજા ગાળી ચુક્યો છે. જેથી તેને બીજા ૪૨ મહિના સુધી જેલમાં રહેવુ પડશે. સુપ્રીમ કોર્ટે વર્ષ ૧૯૯૩માં મુંબઈ સિરિયલ બ્લાસ્ટ મામલામાં ગેરકાયદેરીતે હથિયાર રાખવાના મામલામાં સંજયદત્તને દોષિત ઠેરવીને સજા ઘટાડી હોવા છતાં તેને માંફી આપી નથી. કોર્ટે કહ્યુ હતુ કે સંજયદત્તના અપરાધના સ્વરૂપ અને સ્થિતિ એટલી ગંભીર છે કે તેની છોડી શકાય નહીં. સંજયદત્ત હાલમાં જામીન પર છે પરંતુ સુપ્રીમ કોર્ટના



ચુકાદા બાદ તેને ચાર સપ્તાહની અંદર શરણાગતિ સ્વીકારવાનો આદેશ કરવામાં આવ્યો છે અને ફરી સાડા ત્રણ વર્ષ સુધી જેલમાં રહેવું પડશે. અગાઉ ટાડા કોર્ટે સંજય દત્તને અપરાધિક કાવતરાના મામલામાં નિર્દોષ છોડી મુક્યો હતો. જો કે શસ્ત્ર કાયદા હેઠળ ગેરકાયદે રીતે નવ એમએમની પિસ્તોલ રાખવા બદલ તથા એકે-૫૬ રાખવા બદલ તે ફસાઈ ગયો હતો. સંજય દત્તને આ મામલે છ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટે તેની સજા ઘટાડીને પાંચ વર્ષ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે એક વર્ષ સજામાં ઘટાડો કર્યો છે પરંતુ બાકીની સજા સંજયદત્તને ગાળવી પડશે. સંજય દત્ત હાલમાં જામીન પર હતો. ટાડા કોર્ટે આ મામલે કુલ ૧૨૯ આરોપીઓ પૈકી ૧૦૦ને સજા કરી હતી. જે પૈકી ૧૨ શખ્સોને મૃત્યુ દંડની સજા કરી હતી. જ્યારે ૨૦ને આજીવન કારાવાસની સજા કરી હતી. ટાડા કોર્ટના ચુકાદાની સામે દોષિતો દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. એકબાજુ અપરાધીઓએ સજા ઘટાડી દેવાની રજૂઆત કરી હતી. જ્યારે સીબીઆઈએ આરોપીઓની સજાને વધારવાની જોરદાર માંગ કરી હતી.

## સંજય દત્ત પર ૩૫૦ કરોડ રૂપિયા ફિલ્મોમાં લાગેલા છે

મુંબઇ,તા. ૨૧

બોલિવુડ સ્ટાર સંજય દત્તના આગામી ફિલ્મ પ્રોજેક્ટો પર ૩૦૦થી ૩૫૦ કરોડ રૂપિયા લાગેલા છે જેથી સંજય દત્તને સજા કરાતા આ તમામ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા લોકોને મોટો ફટકો પડ્યો છે. આના કારણે ફિલ્મના કરોડો રૂપિયા અટવાઈ પડે તેવી શક્યતા છે. સંજય દત્ત ચાર સપ્તાહમાં જો શરણાગતિ સ્વીકારશે તો તેના પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ફિલ્મ નિર્માતાઓને મુશ્કેલી નડશે કારણ કે આ અભિનેતા ઉપર ૩૦૦થી ૩૫૦ કરોડ રૂપિયા લાગેલા છે. સંજય દત્તે હજુ અપૂર્વ લાખિયાની ઝંઝીર ફિલ્મનું શુટિંગ પૂર્ણ કર્યુ નથી. આ ફિલ્મ ૧૯૭૦ના દશકની અમિતાભ બચ્ચનની બ્લોકબસ્ટર ફિલ્મ ઝંઝીરની રિમેક છે. આ ફિલ્મમાં સંજય દત્ત શેરખાનની ભૂમિકામાં છે જે મૂળભૂતરીતે પ્રાણ દ્વારા અદા કરવામાં આવી છે. હવે સંજય દત્તને સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ શરણાગતિ સ્વીકારવી પડશે. આનો મતલબ એ થયો કે ફિલ્મના નિર્માતાઓને તેની ભૂમિકા અન્યને સોંપવા માટે ફરજ પડી શકે છે. શેરખાનની ભૂમિકા હવે અદ્ધરતાલ બની ગઈ છે. શરૂઆતથી જ શેરખાનની ભૂમિકા માટે યોગ્ય કલાકારને લઈને મોટો પ્રશ્ન ઉભો થયો હતો. આ ઉપરાંત સંજય દત્ત મુન્નાભાઈની નવી સિરિઝમાં પણ કામ કરનાર છે. સંજય દત્ત પ્રથમ વખત મુન્નાભાઈ એમબીબીએસના તેમના સ્વર્ગસ્થ પિતા સાથે પણ ચમક્યો હતો. આ ફિલ્મ બ્લોક બસ્ટર સાબિત થઈ હતી. ત્યારબાદ લગે રહો મુન્નાભાઈ ફિલ્મમાં પણ તે ચમક્યો હતો. હવે આની એક વધુ એક એડિશન તૈયાર થઈ રહી હતી પરંતુ આ પ્રોજેક્ટ પણ હવે પાછળ ઠેલવાઈ જાય તેવી શક્યતા છે. સંજય દત્તે હાલમાં જ સલમાન સાથે રિયાલિટી શો બિગ બોસ-૫માં ભૂમિકા ભજવી હતી. સંજય દત્ત પાસે હાલ ઘણી ફિલ્મો હાથ પર હતી. સલમાન, અજય દેવગણ અને ઘણા કલાકારો સાથે તેના ખૂબ સારા સંબંધ રહેલા છે. સંજય દત્તને સજા કરવામાં આવતા જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી હતી. મોટાભાગના નિર્માતા નિર્દેશકો પણ ચિંતિત દેખાયા હતા કારણ કે સંજય દત્ત પર જંગી રકમનું રોકાણ કરી ચુક્યા છે. તેમની ભાવિ યોજનાઓનું શું થશે તેને લઈને પણ અટકળો શરૂ થઈ ગઈ છે.

# એન્ટી રેપિંગ બિલ સંસદમાં અંતે પસાર

નવી દિલ્હી,તા. ૨૧

એન્ટી રેપિંગ બિલને લોકસભાએ પસાર કરી દીધાના બે દિવસ બાદ રાજ્ય સભાએ પણ આજે આ બિલને પસાર કરી દીધુ હતુ. આ બિલમાં અતિ કઠોર જોગવાઈ કરવામાં આવેલી છે. જેમાં મંજુરી સાથે સેક્સ માટેની વય ૧૮ કરવામાં આવી છે. સાથે સાથે મહિલાઓનો પીછો કરવા અને મહિલાઓને ક્રૂરતાપૂર્વક જોવાને પણ ગુના તરીકે ગણીને તેમાં સજાની વાત કરવામાં આવી છે. ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ અગાઉ ઉપલા ગૃહમાં બિલને રજુ કર્યુ હતુ. ભારતના બળાત્કાર વિરોધી કાયદાઓને વધુ શક્તિશાળી બનાવાનો આની પાછળ હેતુ રહેલો છે. વડાપ્રધાન મનમોહનસિંહ પણ બિલ પર મતદાન થયુ ત્યારે ગૃહમાં ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ રાજ્ય સભાના સભ્યોએ મહિલાઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ચર્ચા દરમિયાન મહિલાઓના રક્ષણ માટે મજબુત પગલાઓની માંગ કરી હતી. ચર્ચામાં ભાગ લેતા ભારતીય જનતા પાર્ટીના માયસિંહે કહ્યુ હતુ કે ૧૬ વર્ષથી ઉપરની વયની કોઈ પણ વ્યક્તિને બળાત્કારના કેસમાં દોષિત ઠેરવીને કઠોર સજા કરવી જોઈએ. તેમણે એમ પણ કહ્યુ હતુ કે જો જુએનાઈલ આવા ગુના કરવા માટે માનસિકરીતે ફીટ છે કે આવા કિશોરોને પણ જુએનઈલ તરીકે ગણવા જોઈએ નહીં અને કઠોર સજા કરવી જોઈએ. જો કોઈ વ્યક્તિ ૧૬ વર્ષની ઉપર છે અને બળાત્કાર તથા હત્યા કરે છે તો આ શખ્સને મૃત્યુદંડની સજા કરવી જોઈએ. ૧૬મી ડિસેમ્બરના દિલ્હી ગેંગ રેપના કેસમાં આરોપીઓ પૈકીના એકને કિશોર તરીકે રજુ કરવામાં આવ્યો છે અને તેની સામે જુએનાઈલ જસ્ટિસ બોર્ડમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભાજપના એમ વેંકૈયાનાયડુએ કહ્યુ હતુ કે સરકારે આવા કેસોમાં એફઆઈઆર દાખલ કરવાની બાબતને ફરજિયાત બનાવવી જોઈએ.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે બાળકોમાં સામાજિક મુલ્યો વધુ મજબુત બને તે માટે સ્કૂલના અભ્યાસક્રમમાં નૈતિક વિજ્ઞાનનો સમાવેશ કરવો જોઈએ. કોગ્રેસના પ્રભાત ઠાકુરે કહ્યુ હતુ કે નવા કાયદાઓમાં એવી ખાતરી કરવી જોઈએ કે દરેક મહિલાને યોગ્યરીતે ન્યાય મળે. હાલમાં મહિલાઓ સતામણીના કેસમાં અથવા તો બળાત્કારના કેસની નોંધણી કરાવવામાં પોતાને સ્વતંત્ર અનુભવ કરતી નથી. તેમણે ઉમેર્યુ હતુ કે ગુનેગારોને ભયભીત થાય તેવો અનુભવ થવો જોઈએ. બીજી બાજુ કોમ્યુનિષ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના નેતા ટીન સિમાએ મંજુરી સાથે સેક્સની વય ૧૬ કરવાને વિવાદાસ્પદરીતે ટેકો આપ્યો હતો. ડીએમકેના વસંતી સ્ટેનલીએ સૂચન કર્યુ હતુ કે બિલમાં કઠોર જોગવાઈ ખૂબજ મહત્વપૂર્ણ છે. બિલ રજુ કરતા કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ કહ્યુ હતુ કે દિલ્હીમાં ગેગ રેપ અને ત્યારબાદ આ યુવતિના મોતથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યુ હતુ અને બળાત્કાર સામે મજબુત કાયદાની માંગ ઉઠી હતી. મહિલાઓના ગૌરવને જાળવી રાખવાની જરૂર છે. ક્રિમિનલ લો (સુધારા બિલ ૨૦૧૩)માં મંજુરી સાથે સેક્સની વય ૧૮ વર્ષ રાખવામાં આવી છે. લોકસભાએ મંગળવારના દિવસે આ બિલ પસાર કર્યુ છે.

## સંજય દત્તને સજા પડતા બોલિવુડમાં દુખનું મોજુ

મુંબઈ,તા. ૨૧

બોલિવુડના સ્ટાર અભિનેતા સંજય દત્તને સજા કરવામાં આવતા બોલિવુડમાં દુઃખનું મોજુ ફરી વળ્યુ હતું. બોલિવુડની તમામ ટોચની હસ્તીઓએ આ અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. જાણિતા ફિલ્મ નિર્માતા કરન જોહરે પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે ચુકાદો સાંભળીને તે દુઃખી થયો છે. સંજય દત્ત એક ખૂબ સારા વ્યક્તિ તરીકે છે. બીજીબાજુ સોહા અલીખાને પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુકે આ સમાચાર ખૂબ હેરાન કરી દેનાર છે. અમારા પરિવાર સાથે તેના ખૂબ સારા સંબંધ છે. સમાચાર સાંભળીને તેને ખૂબ દુઃખ થયુ છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે પ્રતિક્રિયામાં પ્રિતિશ નાંદીએ કહ્યુ હતુ કે ચુકાદો બિલકુલ યોગ્ય છે પરંતુ સંજય દત્તને લઈને દુઃખી છે. બીજી બાજુ કેન્દ્રિય પ્રધાન કપિલ સિબ્બલે કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટ સૌથી મોટી કોર્ટ છે. તમામે ચૂકાદાનું સન્માન કરવુ જોઈએ. ગૃહ રાજ્ય પ્રધાન આરપીએમ સિંહે કહ્યુ હતુ કે તેઓ સુપ્રીમકોર્ટના ચુકાદાનું સન્માન કરે છે. ચુકાદો સંજય દત્ત માટે કમનસીબ છે. સંજય દત્તની બહેન પોતે સાંસદ છે. તેઓ પહેલા પણ કહી ચુક્યા છે કે કાયદો તમામ માટે એક સમાન છે. યાકુબ મેમણને ફાંસીની સજા યોગ્ય રાખવા અંગે આરપીએમ સિંહે કહ્યુ હતુ કે મેમણ નો કેસ ગૃહમંત્રાલય પાસે આવશે ત્યારે આ અંગે વહેલીતકે નિર્ણય લેવાશે. કૃણાલ કોહલીનું કહેવુ છે કે તે માને છે કે આ મામલામાં ન્યાય થયો નથી. બીજીબાજુ વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી જયા પ્રદાએ કહ્યુ છે કે સંજય દત્ત નિર્દોષ છે. ૧૮ મહિના જેલમાં ગાળ્યા બાદ ફરી જેલમાં જવાની બાબત દુઃખદ છે પરંતુ તેઓ કોર્ટના ચુકાદાનું સન્માન કરે છે.

## શ્રીનગરમાં બીએસએફના કાફલા પર ફરીથી હુમલો

શ્રીનગર,તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ દ્વારા આજે ફરી એકવાર હુમલો કરવામાં આવતા કેન્દ્ર અને રાજ્ય સરકાર હચમચી ઉઠી છે. ત્રાસવાદીઓ હવે ફરી તેમની હાજરી મજબુતી સાથે પુરવાર કરી રહ્યા છે. આજે શ્રીનગરમાં સરહદ સુરક્ષા દળના કાફલા પર ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. હુમલામાં ઘાયલ થયેલા બીએસએફના ત્રણ જવાન પૈકી એકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય ચે કે ૧૩મી માર્ચના દિવસે સીઆરપીએફના કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં પાંચ જવાન શહીદ થયા હતા. આજે સવારે ગુલશનનગરમાં હુમલો કરવામાં આવ્યો હતો. સીઆરપીએફના કેમ્પ પર જ્યાં અગાઉ હુમલો કરવામાં આવ્યો હતો તે હુમલાના સ્થળથી માત્ર ૬ કિલોમીટરના અંતરે સ્તિત વિસ્તારમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. અગાઉના હુમલા વેળા એવા અહેવાલ પણ આવ્યા હતા કે કેટલાક ત્રાસવાદીઓ ભારતીય કાશ્મીરમાં સરહદપારથી ઘુસણખોરી કરવામાં સફળ રહ્યા છે. આ અહેવાલ હવે સાચા સાબિત થઈ રહ્યા છે. કેટલાક જાણકાર લોકોનુ કહેવુ છે કે ત્રાસવાદીઓએ ફરી એકવાર તેમની હાજરી વધારી છે. જે સરકાર માટે સારા સંકેત નથી. કારણ કે વર્ષો બાદ કાશ્મીરમાં સામાન્ય સ્થિતી બની રહી છે ત્યારે હાલના દિવસોમાં બે હુમલાથી ફરી સામાન્ય લોકોની ચિંતા વધી ગઈ છે. સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરૂને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ કેટલાક ત્રાસવાદી સંગઠનોએ બદલો લેવા માટે હુમલા કરવાની ચેતવણી આપી હતી. માર્ચ મહિનામાં બે ત્રાસવાદી હુમલા થઈ ચુક્યા છે. સુરક્ષા જવાન અને સેનાને ફરી કઠોર સાવધાની રાખવાની જરૂર ઉભી થઈ છે. સરહદ પર તકેદારી વધારવાની જરૂર ઉભી થઈ છે. આવનાર દિવસોમાં સુરક્ષા દળો માટે પડકારરૂપ સ્થિતી સર્જાઇ શકે છે.રાજ્ય સરકારે આજના હુમલામાં તપાસ હાથ ધરી છે.

## કરૂણાનિધિના પુત્ર સ્ટાલિનના નિવાસ સ્થાને સીબીઆઈના દરોડા

ચેન્નઈ,તા.૨૧

સીબીઆઈએ કરૂણાનિધિ દ્વારા લેવાયેલ યુપીએ સરકારને સમર્થન પરત ખેંચ્યાના બે દિવસની અંદર જ તેમના પુત્ર એમ.કે.સ્ટાલિનના ઘરે સીબીઆઈએ દરોડો પાડ્યો છે. સીબીઆઈએ ૨૦ કરોડની વિદેશી કારોની ગેરકાયદે કરાયેલ આયાતના મામલામાં આ કાર્યવાહી કરી છે. આ કારમાંથી એક લક્ઝરીયસ કાર સ્ટાલિનના નામે નોંધાયેલ હતી. સીબીઆઈએ ડીઆરઆઈના નિર્દેશ પર કરૂણાનિધિના નાના પુત્ર અને ડીએમકેના ઉત્તરાધિકારી એવા સ્ટાલિનના ઘર સહિત ૧૯ જગ્યાએ દરોડો પાડ્યો હતો. સીબીઆઈ સ્ટાલિનના ઘરે અન્ય કેટલીક ચીજોની પણ તપાસ કરી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે, સ્ટાલિનના પુત્ર આ ગેરકાયદે આયાત કરેલી વિદેશી કારનો ઉપયોગ કરે છે. જોકે



એમ.કે.સ્ટાલિને આ દરોડાની કાર્યવાહીને રાજનીતિક બદલાની ભાવનારૂપે ગણાવી છે. સ્ટાલિને જણાવ્યું છે કે, યુપીએને સમર્થન પાછુ ખેંચવાના કારણે તેમની સામે રાજનીતિક બદલારૂપે કાર્યવાહી કરાઈ રહી છે. તેમણે એમપણ ઉમેર્યું હતું કે, અમે કાયદા અનુસાર લડત આપીશું. દરોડાની કાર્યવાહીના સમાચાર પ્રસરતા ડીએમકેના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સ્ટાલિનના ઘરની બહાર એકઠા થઈ ગયા છે. ડીએમકેના અન્ય એક નેતા ટી.આર.બાલુએ આ દરોડાની કાર્યવાહી પર પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, કોઈપણ વ્યક્તિ સમજી શકે છે કે કોંગ્રેસની સરકાર કેવી રીતે કામ કરી રહી છે અને તેનો વ્યવહાર એકસમયના તેના સહયોગીઓ પ્રત્યે કેવો છે. આ કેવળ રાજનીતિક બદલાની કાર્યવાહી છે.અમે બદલાની કાર્યવાહીથી જરાપણ ચિંતિત નથી. આ કેસ તપાસ એજન્સી દ્વારા નોંધાવવામાં આવ્યો છે પરંતુ હજુસુધી સ્પષ્ટ થઈ ચૂક્યું નથી કે સીબીઆઈની આ કાર્યવાહી પાછળ કોનો હાથ છે. દ્રવિડમુનેત્રકઝેક (ડીએમકે)એ મંગળવારે યુપીએ સરકારને આપેલું સમર્થન પાછું ખેંચ્યું હતું અને ડીએમકે ઈચ્છતું હતું કે, કેન્દ્ર સરકાર સંસદમાં શ્રીલંકા વિરુદ્ધ પ્રસ્તાવ લાવે પરંતુ કેન્દ્ર સરકારે મનાઈ ફરમાવતા ડીએમકેએ મનમોહનસિંહ સરકારમાં સામેલ પોતાના પાંચ મંત્રીઓ પાસે રાજીનામા અપાવીને કોંગ્રેસને આપેલ સમર્થન પાછું ખેંચી લીધું હતું.

## સમાચાર ઝલક

- કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ૧૭ જીલ્લા અછતગ્રસ્ત જાહેર થયા, જેમાં ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે.
- ઇરાક યુધ્ધને ૧૦ વર્ષ પૂર્ણ થયાં છતાં રક્તપાત હજુ ચાલું છે, મૃત્યુઆંક ૧૭,૪૦૦૦ થયો.
- મહેશભટ્ટની પુત્રી આલિયા ભટ્ટ ૨૦ વર્ષની ઉંમરે બે ફિલ્મો કરશે.
- ભારતની સિધ્ધિ : બ્રહ્મોસ મિસાઇલનું સફળ પરિક્ષણ.
- ૧૨ લાખ લોકોને ત્યાં આવકવેરાની નોટીસો અપાશે, કોઇ છટકી શકશે નહીં.
- રાજકોટમાં સરકારી મંડલીના ઉઠમણા થઇ જતાં લોકો દોડતાં થઇ ગયાં.
- હજ ૨૦૧૩ માટે ફોર્મ ભરવાની મુદ્દત ૧૦ દિવસ વધારી.
- તમામ ઇમરજન્સી સેવા માટે એક જ નંબર ટ્રાઇની કવાયત.
- બળાત્કાર કેસ બે મહિનામાં જ ચુકાદો, હોસ્પિટલો સારવારનો ઇન્કાર નહીં કરી શકે.
- સૌરાષ્ટ્રમાં પાણીનો કોલાહલ, બહેરૂં બનતું તંત્ર.
- બજેટમાં કોઇ રાહત ન મળતાં સાઇકલના ભાવો વધી જશે.
- સુગર સોફ્ટ ડ્રીંક્સથી ૧૮૦૦૦નાં મોત દર વર્ષે થાય છે.
- બ્રિટનમાં ૫૦ વર્ષની મહિલાએ ઊંઘમાં ૩૬ કિલોમીટર ચાલી.
- આવો અન્યાય! વાઘ માટે છૂટા હાથે લહાણી અને ગીરનાં સિંહો માટે ૧૦૦ કરોડનો ઘટાડો.
- સૂરતમાં બાળકો માટે સ્વાઇન ફ્લૂની દવાનો દુકાળ.
- કરૂણાનિધિના પુત્રના ઘરે સીબીઆઇની રેડ પડી.
- પાકિસ્તાનમાં ૧૧મી મેએ ચૂંટણી.
- રામરૂપી મંત્ર જીવનના ઉતારશો તો ઇશ્વર પ્રાપ્ત થાય : પૂ. મોરારિબાપુ.

# તિહાડમાં ફરી રામસિંહની ફાંસીનું રિક્રિએશન કરાશે

નવીદિલ્હી,તા.૨૧

તિહાડ જેલમાં દિલ્હીં ગેંગરેપના મુખ્ય આરોપી રામસિંહની આત્મહત્યાના દાવા ઉપર શંકા વધુ ગરમાઈ છે. હવે એવી વાત સામે આવી છે કે, જે પ્લાસ્ટિકની ડોલ પર ચઢીને રામસિંહ દ્વારા ફાંસી લગાવવામાં વાત કહેવામાં આવી હતી તે ડોલ તૂટેલી છે. હવે સવાલ એ ઉભો થયો છે કે શું પ્લાસ્ટિક તૂટેલી અથવા ફાટેલી ડોલ પર ચઢીને કોઈ વ્યક્તિ ફાંસી લગાવી શકે છે ? આ પ્રશ્નના જવાબ મેળવવા માટે એફએસએલની ટીમ ૨૨ માર્ચના રોજ તિહાડ જેલમાં જશે અને આરોપી રામસિંહની ફાંસી પર રિક્રિએશન કરીને (નાટ્ય રૂપાંતર) કરીને સત્ય શોધવા પ્રયત્ન કરશે. ઉલ્લેખનીય છે કે, રામસિંહ તિહાડની જેલ નંબર ૨ વોર્ડ નંબર ૨માં કેદ હતો અને તેની સાથે અન્ય ત્રણ કેદીઓ પણ જેલમાં બંધ હતા. રામસિંહ ૧૧ માર્ચના રોજ પોતાના સેલમાં સવારે ૫.૪૫ વાગ્યે ફાંસી લગાવેલી હાલતમાં જોવા મળ્યો હતો.

ઘટના બનતા એવી માહિતી પ્રકાશમાં આવી હતી કે, રામસિંહે પ્લાસ્ટિકની ડોલ પર ચઢીને લગભગ ૮ ફૂટ ઉંચી છતના ગર્ડર સાથે ફાંસી લગાવીને આત્મહત્યા કરી છે. સમગ્ર મામલાની હાલમાં અદાલતી તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૨૨ માર્ચના રોજ એફએસએલની ટીમ તિહાડ જેલમાં જઈને સમગ્ર ઘટના વિશે વિસ્તૃત માહિતી મેળવશે. રામસિંહે ફાંસી લગાવવા માટે ત્રણ ફૂટ લાંબી સૂતરની રસ્સીનો ઉપયોગ કર્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે, શેતરંજીને કાપીને રસ્સી મજબૂત બનાવવામાં આવી હતી. જોકે તિહાડ જેલમાં રસ્સી, દોરીવાળા બૂટ અને નાડાવાળો પાઈજામો પ્રતિબંધિત છે.

**ખજાનો (ચોથા પાનાનું ચાલું.....)**

**● આ સપ્તાહનો સવાલ...?**

**કયા કેન્દ્રિય મંત્રીએ મુલાયમસિંહ યાદવ વિરૂધ્ધ વાણીવિલાસ કરતાં સરકાર મુશ્કેલીમાં આવી ગઇ?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**● સાચા જવાબો :-**

[illegible]

## ભારત-ઓસ્ટ્રેલિયાની વચ્ચે આજથી દિલ્હીમાં ટેસ્ટ મેચ

નવી દિલ્હી,તા. ૨૧

દિલ્હીના ફિરોજશાહ કોટલા મેદાન ખાતે આવતીકાલથી સુનિલ ગાવસ્કર-એલન બોર્ડર ટ્રોફીની ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ટેસ્ટમાં ભારત જીત મેળવવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. જો આ ટેસ્ટ મેચ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ જીતવામાં સપવ રહેશે તો શ્રેણી ૪-૦થી જીતી લેશે. આની સાથે જ ભારત એક ઐતિહાસિક શ્રેણી જીતમાં સફળ રહેશે. ભારતીય ટીમ ઐતિહાસિક ફિરોજશાહ કોટલા મેદાન ખાતે શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. આવતીકાલથી શરૂ થતી ટેસ્ટ મેચમાં રહાણેને પોતાની ટેસ્ટ કેરિયરની શરૂઆત કરવાની તક મળી શકે છે કારણ કે પોતાની કેરિયરની પ્રથમ ટેસ્ટ મેચમાં જ સદી કરી તમામ ચાહકોનુ ધ્યાન ખેંચનાર શિખર ધવન ઘાયલ થઈ ગયો છે. જેથી તેની જગ્યાએ રહાણેને તક મળી શકે છે. શિખર ધવનની જેમ જ રહાણેને પણ કેરિયરની શાનદાર શરૂઆકત કરવાની તક છે. રહાણે ઓસ્ટ્રેલિયાની સામે ટેસ્ટ શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. પરંતુ તેને હજુ સુધી તક મળી નથી. મોહાલી ટેસ્ટમાં ફિલ્ડિંગ વેળા ધવન ઘાયલ થઈ ગયો હતો. જેથી તેને હવે ટેસ્ટથી બહાર રહેવાની ફરજ પડી શકે છે. રહાણે ધવનની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે.તે મુરલી વિજય સાથે દાવની શરૂઆત કરી શકે છે. મુરલી વિજય હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. કેટલાક લોકોનુ કહેવુ છે કે ચેતેશ્વર પુજારાને ઓપનિંગ કરવાની તક મળી શકે છે.અને રહાણેને મિડલ ઓર્ડરમાં તક આપવામાં આવી શકે છે. જો કે ટીમ મેનેજમેન્ટ દ્વારા આ સંબંધમાં હજુ કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી.



લાંબા સમયથી ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવા માટે પ્રયાસ કરી રહેલા રહાણેને તક રહેલી છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયા કેટલાક અંશે તેની પ્રતિષ્ઠા બચાવવા માટે મેદાનમાં ઉતરશે. ક્લાર્ક ઘાયલ હોવાથી શેન વોટ્સન કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહે તેવી પણ શક્યતા છે. ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનો ફોર્મમાં દેખાઈ રહ્યા નથી.જે ટીમની છાવણી માટે ચિંતાજનક બાબત છે.